[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] सिद्धि स्थिता

[illegible] पूज्या उपाध्यायका

[illegible] रत्नत्रया राधका

[illegible] वो मंगलम्.

નિવેદન.

પ્રિય વાચક વૃંદ ! આ પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર ન હોય. જે મહાન પુરૂષો આ સંસારમાં જન્મી સંસાર દાવાનળથી ઉદ્વેગ પામી કર્મશત્રુઓ સામે પ્રચંડ યુદ્ધ ખેલી, તે પર વિજય મેળવી, કૈવલ્ય-લક્ષ્મીને વર્યા, અને જગતના પ્રાણીઓને જ્ઞાન, દયા, સત્ય, પરોપકાર, સેવા, દાન ઇત્યાદિનો મહાન મંત્ર શીખવ્યો, તે મહાપુરૂષો ના જીવનનો આછો ચિતાર એ વિચારકત્રમંને પ્રસ્તાવના રૂપેજ છે. હંમેશાં જીવનનું બંધારણ જીવનપરિચયના સંસ્કારથીજ ઘડાય છે, તેઓશ્રીના આદર્શ જીવનના આધારે ઘણા ભવ્ય અને સુલભબોધી જીવો સુસંસ્કારને પામે છે, અને સમ્યકશ્રેણિ પર ચઢે છે. એટલુંજ નહિ પણ તેમના ઉત્તમોત્તમ જીવનનું નિરંતર સ્મરણ કરવાથી આત્મા નિર્મળ અને પવિત્ર થઈ શકે છે.

જૈન સિદ્ધાંતમાં પ્રભુએ ચાર પ્રકારનાં અનુયોગ કહ્યાં છે; જે વડે પ્રાણીયો સંસાર અટવિ ઉલ્લંઘન કરી શકે છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) કથાનુયોગ (૪) ચરણકરણાનુયોગ. સમાજનો મોટો વર્ગ બહુધા જૈન સિદ્ધાંતો વાંચવા તરફ બેદરકાર છે. તેમાં રહેલું અદ્ભુત તત્વ, નય, નિક્ષેપ, ષટદ્રવ્ય જીવવિચાર એ તરફ સમાજ ભાગ્યેજ દૃષ્ટિપાત કરે છે. તે બધું તેમના હૃદયને લગભગ મુંઝવનારૂં થઇ પડે છે. એટલે સમાજ તે પ્રત્યે અરૂચિ બતાવી બાહ્ય ગ્રંથો વાંચવા વધારે લલચાય છે. પરિણામે સિદ્ધાંત તત્વોમાં રહેલી અપૂર્વતા તેઓ જોઈ શકતા નથી.

આ ઉપરથી મ્હને એમ લાગ્યું કે જૈન વર્ગને જૈનસિદ્ધાંતોમાં રહેલી ખુબીઓ, રહસ્ય, તત્વ અને ઉપયોગીતાથી પરિચીત બનાવવા માટે જૈનસૂત્રોનો કયા વિભાગ પ્રથમ બહાર પાડયો હોય, તો સમાજ

તેમાં રહેલી વિશિષ્ટતાઓ નિરખી સિદ્ધાંત વાંચવા પ્રત્યે લક્ષ કરે. અને કદાચ અવકાશનો અભાવ હોય તો આ પુસ્તકના વાંચનથી સૂત્રોના રહસ્યનો કંઈક ખ્યાલ આવે; અને વાર્તાઓથી પોતાના શ્રમિત જીવનને આનંદ દેશે; અને આત્મહિત સાધે.

આશા છે કે સમાજ આ પુસ્તકને અવલથી આખરસુધી વાંચશે અને પ્રભુ કથનની [illegible] ખુબીઓ બારીકાઈથી અવલોકી, પોતાથી બનતું [illegible] કરવા પ્રયત્ન કરશે તો લેખક પોતાનો શ્રમ [illegible]

આજથી [illegible] એક વિદ્વાન ક્રિયાપાત્ર મુનિશ્રી કહાન [illegible] નો મને સુઅવસર પ્રાપ્ત થયો હતો. [illegible] હતા. તે સુત્રમાં રહેલો કથા [illegible] થયો અને પ્રભુ વાણીની ખૂબી [illegible] સિદ્ધાંતોની આવી અપૂર્વ કથાઓ [illegible] સમાજને બહુ ઉપયોગી [illegible]

બે વર્ષ [illegible] પેમ્ફલેટો મેં છપાવ્યા. અને [illegible] તૈયાર કરી. પણ સખેદ [illegible] ન મળ્યું. [illegible] મ્હારે [illegible]

[illegible] પુસ્તક [illegible] હૃદયમાં [illegible] કરે. [illegible] થયું. દેશ [illegible] માં મ્હારો [illegible] અને વરોડાનો [illegible] અનુભવ [illegible]

ત્યારબાદ [illegible] ક્રમે કરી [illegible] નહિ. આ [illegible] થી.

મૂલચંદજી સ્વામીને કરી. તેમણે મને પ્રોત્સાહન આપ્યું અને મને પેમ્ફલેટો બહાર પાડતાં સારું ઉત્તેજન મળ્યું. તેથી તે પરમ ઉપકારી મુનિમહારાજનો તથા આ કામમાં મદદ આપનાર દ. સં. ના વિદ્વાન મહાસતીજી ઉજમબાઇ આર્યાજીનો તથા ગ્રાહક થઇ ઉત્તેજન આપનાર સર્વ સ્વધર્મી બંધુઓનો હું સહૃદય આભાર માનું છું; અને મને આશા છે કે સ્વધર્મી બંધુઓ પુસ્તક બહાર પાડવાના મારા પ્રયાસને અવાર નવાર ઉત્તેજન આપશે તો જૈન સાહિત્યદ્વારા હું સમાજની વધુને વધુ સેવા બજાવવા ભાગ્યશાળી થઇશ.

આ પુસ્તક લખવામાં, શ્રીમાન પ્રાતઃસ્મરણિય પંડિત પુજ્ય શ્રી અમોલખઋષીજી મહારાજ કે જેમણે ખુબ પરિશ્રમ લઇ હિંદી ભાષામાં સિદ્ધાંત બત્રીસી લખીને જૈન સમાજ પર અથાગ ઉપકાર કર્યો છે, તે સિદ્ધાંતનો ઘણોખરો આશ્રય લેવામાં આવ્યો છે. તેમજ કેટલીક બાબતો માટે બીજાં કેટલાક પુસ્તકો તપાસવા પડ્યા છે તેથી તે બધાયે મહાશયોનો હું વિનય પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકની વાર્તાઓ પૈકી જ્ઞાતાસુત્રની ૧૯ વિપાકની ૧૧ ઉપાસક ૧૦ નિર્યાવલિકા ૫, તથા ઉત્તરાધ્યયન, ભગવતી, ઉવવાઇ, રાય પ્રશ્રીય આદિ સુત્રોમાંથી સંક્ષિપ્તરૂપે લખી છે, અને બાકીની ચંદનબાળા આદિ વાર્તાઓ રસદાયક લાગવાથી કલ્પસુત્રાદિ ગ્રંથોની છે અને દરેક વાર્તાને અંતે સાર આપ્યો છે. ઉદાર વાંચકો, મારા અલ્પ જ્ઞાનને અભાવે રહી ગએલી ભુલો તરફ ક્ષંતવ્ય દ્રષ્ટિથી જોશે, અને તેમનિ ભાવ, રહસ્ય, ન્યાય, વગેરે વિચારી સ્વજીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે. તો મારો શ્રમ જૈનસમાજની યત્કિંચીત સેવારૂપે સફળ થયો મનાશે.

પંચભાઇની પોળ, ઉત્તરાયન ૧૯૮૮

લી. શ્રી સંઘનો નમ્ર સેવક
જીવણલાલ છગનલાલ સંઘવી.

અર્પણ !

જે મહાપુરૂષો અહિંસા અને સત્યનો વિજય વાવટો જગત પર ફરકાવી જગત જીવોને સત્ય, દયા, ક્ષમા, પરોપકાર, દાન, સેવા ઈ. નો મહાનમંત્ર શીખવી આત્મકલ્યાણ પામ્યા, તે પરમ પવિત્ર વિતરાગી મહાત્માઓના ચરણ કમળમાં વિનય પૂર્વક વંદન સાથે આ પુસ્તક અર્પણ કરૂં છું.

દાસાનુદાસ—જીવન

૧ મેઘકુમાર

સૌંદર્યસમી રાજગૃહી નગરીનો મહારાજા શ્રેણિક એક દિવસે સવારમાં પોતાના રાજ્યભુવનમાં સિંહાસન પર અત્યંત શોક સાગરમાં બેઠો હતો. તેની મુખમુદ્રા નિસ્તેજ જણાતી હતી, અને તે કોઇ મહાન કાર્ય પૂર્ણ કરવાના મનોરથોમાં મગ્ન હતો. તે સમયે અભયકુમાર નામનો મહાબુદ્ધિશાળી, મંત્રી અને સુપુત્ર નિત્યનિયમ પ્રમાણે પિતાશ્રીના પાયવંદન કરવા આવ્યો. શોકમાં ગરકાવ થયેલા મહારાજાએ કુમારનો સત્કાર ન કર્યો. બુદ્ધિવાન કુમારે પિતાશ્રીની શોકજન્ય દશા નિહાળી અતિ નમ્રતાથી ઉદાસીનતાનું કારણ પૂછ્યું અને પોતાની અલ્પમતિ અનુસાર ઇષ્ટ કાર્ય સિદ્ધ કરવાનું વચન આપ્યું. મહારાજા શ્રેણિકે સર્વ વાત નિવેદન કરી.

તે ચીંતા શાની હતી ? અભયકુમારની નાની માતા ધારણી દેવીને ગર્ભાવસ્થામાં અકાળે મેઘ વરસતો જોવાની ઉત્કટ ઇચ્છા થઈ હતી. અને તે ઇચ્છા પૂર્ણ કરવા ચીંતાતુર હતી, અને અહરનિશ આર્ત ધ્યાન ધ્યાતી, દીવસે દીવસે ક્ષીણ થતી જતી હતી. આ વાતની દાસી દ્વારા રાજા શ્રેણિકને ખબર પડી. રાજા શ્રેણિક દોહદ× પૂર્ણ કરવાનું ધારણી રાણીને વચન આપીને પોતાના આવાસમાં ચિંતામગ્ન બેઠો હતો. પિતાને આશ્વાસન આપ્યા બાદ અભયકુમાર વિચારમાં પડયો. દેવતાની સહાય વગર માનવજાતિની મગદૂર નથી કે અકાળે મેઘ પૃથ્વી ઉપર વરસાવી શકે, અભયકુમારે પોતાના પૂર્વ પરિચયવાળા

× ડોહળો, ઇચ્છા.

[illegible]

[illegible] વિદ્યુત્પ્રભ [illegible] અને [illegible] વાર નિવેદન કરી, [illegible] તેમને [illegible] થયું. [illegible] અને પુત્ર વિવેક [illegible] વિષયોમાં આરામ [illegible] ઉપકાર કરવા લાગ્યો [illegible] અને વિલાપ કરતી [illegible] 'આપના [illegible] પિતા ? પુત્ર, જ્યારે [illegible] વિવેક મારાથી [illegible] નહિ થઈ શકે, ત્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી તમે આ મનુષ્ય [illegible] કામ ભોગ સુખે સુખે ભોગવો, આ વિપુલ રાજ્ય લક્ષ્મી, અનુપમ સૌંદર્યવાન લલનાઓના ઉપભોગમાં અત્યંત આનંદ દેહનું સાર્થક કરો. અને [illegible] ધાર સમાન એ કઠિન સંયમ માર્ગ ગ્રહણ કરવાના વિચારો છોડી દો.'

પાન વગરનું એક મેદાન તેં બનાવ્યું કે જ્યાં અગ્નિ પ્રસરી શકે નહી. ત્યાં તે મેદાનમાં તું નિર્ભય થઈને રહ્યો. તે મેદાનમાં હાથી, સીંહ, વાઘ, શિયાળ વગેરે અનેક પ્રાણીઓએ આશ્રય લીધો. તે વખતે હે મેઘ, તારું શરીર ખણવા માટે તેં એક પગ ઉપાડયો. અનેક પ્રાણિયોની ગીચોગીચમાં અને જગ્યા માટે હલન ચલન થતા, તારા પગ મુકવાની જગ્યા નીચે એક સસલો આવી રહ્યો. શરીર ખણીને તેં પગ નીચે મુકવાનો વિચાર કર્યો, તેવામાં તે જગ્યાએ એક સસલો તારી નજરમાં આવ્યો. પ્રાણી જીવની મહાન દયાની ખાતર તેં તારો પગ નીચે નહી મુકતા અધર રાખ્યો. હે મેઘ, તે જીવદયાના મહાન પ્રભાવે તેં તારો સંસાર કાપી નાખ્યો અને મહાન રત્નચિંતા-મણિ સમાન અમૂલ્ય મનુષ્યત્વનો બંધ કર્યો. તે વનદવ અઢી દિવસ સુધી રહ્યો. અને પછી શાંત થવાથી પ્રાણીઓ ફરવા લાગ્યા. સસલો પણ ત્યાંથી ખસી ગયો. આટલો વખત અધર પગે ઉભો રહેવાથી, તું નિર્બળ અશક્ત બની ગયો. અને પગ નીચે મુકવાની સાથે તું એકદમ નીચે ઢળી પડયો. અત્યંત વેદના પામી ત્યાંજ તું મરણ પામ્યો અને તે જીવ-દયાના પ્રતાપે તું મેઘકુમાર થયો. તિર્યંચના ભવમાં જ્યાં સમક્તિ પ્રાપ્તિની આશા પણ નહોતી તે વખતે અપાર કષ્ટ વેઠીને તેં સમતા દાખવી! તો ઉત્તમ કુળમાં જન્મીને અને જૈન ધર્મ પામીને સાધુ મુનિના હાથપગના સંઘર્ષણની અલ્પ કિલામના પણ હે મેઘ, તું સહન ન કરી શકયો તે કેટલા ખેદની વાત!

મેઘ આશ્ચર્યમુગ્ધ બન્યો, ગતરાત્રિએ કરેલાં અશુભ વિચારોનો પશ્ચાતાપ કરવા લાગ્યો. અને વિચાર કરતાં જાતિ સ્મરણ જ્ઞાન થયું. તે વડે ભગવાનની વાત સત્ય માનીને વૈરાગ્ય ભાવનામાં ચડયો. પ્રભુ

પાસે પુનઃ દીક્ષા લીધી. સખ્ત તપ જપ ધ્યાન ધરી સર્વ નિર્ગ્રંથને ખમાવીને સંથારો કર્યો, એક માસનો સંથારો ભોગવી સમાધિ સહિત કાળ કરી સ્વાર્થસિદ્ધ વિમાનમાં દેવતાપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇને મોક્ષ જશે.

ધન્ય છે એ મહાન મુનિવર મેઘને ! તેમને આપણાં ત્રિકાળ વંદન હોજો !

ન્યાય—જેવી રીતે ભગવાન મહાવીરે મેઘકુમારને મધુર વચનથી સમજાવી સંયમ માર્ગમાં સ્થિર કર્યા; તેવીજ રીતે આચાર્યો કોઇપણ અવિનિત શિષ્યોને મધુર વચનથી સમજાવી સંયમમાર્ગમાં સ્થિર કરે.

---

૨ ધન્ના સાર્થવાહ

રાજગૃહી નગરીમાં મહા ઋદ્ધિવંત ધન્ના નામનો સાર્થવાહ રહેતો હતો, તેને ભદ્રા નામની સુસ્વરૂપવાન સ્ત્રી હતી. તેને કોઈ પણ જાતની કમીના ન હતી. વિપુલ ધન, ધાન્ય, નોકર ચાકર, સુંદર સ્ત્રી ઇત્યાદિ સર્વ વાતે તે સુખી હતો, પરંતુ તેને એકેય પુત્ર ન હતો એ જ તેને મુખ્ય દુઃખ હતું. ભદ્રા અહર્નિશ ચિંતવતી કે ધન્ય છે તે માતાને કે જેને ઘેર પારણું ઝુલે છે, જે પુત્રને સ્તન પાન કરાવે છે, બાળકને રમાડે છે અને જીવનનો અણમોલો આનંદ ભોગવે છે. ભદ્રાને પુત્ર ન હોવાથી તે અહર્નિશ શોકમાં દીવસો વીતાવતી.

એક દિવસ ભદ્રા પોતાના ભરથારની આજ્ઞા લઈને રાજગૃહી નગરીની બહાર યક્ષના મંદિરમાં ગઈ. તેની પુજા કરી સેવા ભક્તિ કરવા લાગી. જો પોતાને પુત્ર પ્રાપ્તિ થાય તો મંદિરના ભંડારમાં વિપુલ દ્રવ્ય ખર્ચવાની ભદ્રાએ ત્યાં પ્રતિજ્ઞા કરી. અને પોતાને ઘેર આવી. કાળાન્તરે તે ગર્ભવતી થઈ. ગર્ભાધાનના બે માસ પછી તેને યક્ષના દર્શન કરવાનો દોહદ થયો. વસ્ત્રાલંકાર પ્હેરી યક્ષના મંદિર ગઈ, યક્ષની ધુપ વગેરેથી પુજા કરી સ્વસ્થાનકે આવી. અનુક્રમે નવ માસે પુત્રનો પ્રસવ થયો. દેવે પુત્ર આપ્યો એવી માન્યતાથી તેનું નામ 'દેવદત્તકુમાર' પાડ્યું. કેટલાંક વર્ષે તેને પુત્ર સાંપડ્યાથી તેના આનંદનો પાર ન્હોતો. પુત્રને વિવિધ વસ્ત્રાલંકારો, આભરણો

પદેશાંતરમાં તે અદ્ભુત આનંદ માનતી. એક વખત કાદવે જેના પંથક નામના દાસ પુત્રની સાથે આ દેવદત્ત કુમારને પુરાણ આજ્ઞાએ પદેશથી રમાડવા માટે બહાર મોકલ્યો. પંથક નામનો દાસ કેટલાક બાળકો સાથે કુમારને આનંદિત કરાવવા માટે લઈ ગયો.

કુમાર આનંદિત કરતો હતો. પંથકની નજર અન્ય બાળકો તરફ હતી. તે તકનો લાભ લઈને તે નગરમાં વસનાર અને સર્વ કર્મોમાં પ્રવિણ એવો વિજય નામનો ચોર ત્યાં આવ્યો. દેવદત્ત પર પહેરેલાં ઘરેણાં જોઈને તેનું મન લોભિત થયું. એક તક સાધી આ દેવદત્ત કુમારને એકદમ ઉપાડીને ચોર ત્યાંથી પલાયન કરી ગયો. એક બગીચા પાસે આવી તે બાળકના શરીર પરથી ઘરેણાં ઉતારી બાળકને મારી નાખ્યું અને પાસેના એક કૂવામાં તેનું શબ ફેંકી દઈ ચોર પોતાના રહેવાને સ્થાને ચાલ્યો ગયો.

થોડીવારે દેવદત્તને સાચવનાર પંથક દેવદત્ત તરફ જોવા માંડ્યું તો ત્યાં દેવદત્તને જોયો નહીં. પંથકને ધ્રાસકો પડ્યો. આમ તેમ તેની તપાસ કરવા માંડી, પણ ક્યાંય તે બાળકનો પત્તો લાગ્યો નહીં. પંથક નિસ્તેજ અને શોકાતુર વદને ઘેર આવ્યો અને કુમાર ગુમ થયાની વાત જણાવી. વાત સાંભળતાં ધનો મૂર્છિત થઈને ધરણી પર ઢળી પડ્યો. ભદ્રા દોડી આવી, તેના દુઃખનો પણ પાર ન રહ્યો. માથે આભ તૂટી પડ્યો હોય તેવું તેને લાગ્યું. ધન્નો શુદ્ધિમાં આવ્યા બાદ કોટવાળ પાસે ગયો, પુષ્કળ દ્રવ્યની ભેટ ધરી અને કુમારને શોધી આપવા કોટવાળને કહ્યું. કોટવાળ હથિયારો લઈ કુમારની શોધમાં નીકળી પડ્યો, નગરી બહાર ઉદ્યાન પાસે એક કૂવામાં તે બાળકનું મૃત શરીર જોવામાં આવ્યું. ત્યાંથી કુમારને મારનારના પગરવનો કોટવાળે પત્તો લીધો, અને વિજય ચોર ને

જગ્યાએ રહેતો ત્યાં જ તે ગયો. ચોરને પકડીને બાંધ્યો અને તપાસ કરતાં સર્વ આભરણો નીકળ્યાં. ત્યાંથી તે ચોરને બાંધી રાજ્ય દરબારમાં લાવ્યો અને તેને કેદખાનામાં પૂરવામાં આવ્યો. કાળાન્તરે ધન્ના સાર્થવાહનો શોક વિસારે પડયો.

એક દિવસ ધન્ના સાર્થવાહ રાજ્યના દાણ ચોરી જેવા કોઈ અલ્પ ગુન્હા માટે અપરાધમાં આવ્યો, તેથી કોટવાળ તેને કેદખાનામાં લઈ ગયો અને જ્યાં વિજય ચોરની કોટડી હતી તેમાં જ તેની સાથે ધન્ના સાર્થવાહને પણ બાંધીને પૂરવામાં આવ્યો. ધન્ના સાર્થવાહની સ્ત્રી પોતાના પતિ માટે વિવિધ જાતની રસોઈ બનાવીને પંથક નામના દાસની જોડે મોકલાવતી. જે સાર્થવાહ જમતો અને દિવસો વ્યતિત કરતો.

એક વખત વિજય નામના ચોરે, ભુખતૃષાથી પીડાતો હોઈને, આવેલાં ભોજનમાંથી પોતાને થોડુંક આપવા ધન્નાને વિનંતિ કરી. ધન્નાએ ગુસ્સામાં જવાબ આપ્યો કે હું આ અન્ન વધે તો ફેંકી દઉં, પરંતુ તને તેમાંથી લગાર માત્ર પણ ન આપું. કેમકે તું મારા પુત્રનો ઘાતક છે, તેમ કહી તેણે વિજય ચોરને અન્ન ન આપ્યું, ખોરાક ખાવાથી ધન્નાને જંગલ જવાની ઇચ્છા થઈ, તેથી તેણે વિજય ચોરને સાથે આવવા વિનંતિ કરી, પણ વિજય ચોરે તેનું કહેવું માન્યું નહી. અંતે બહુ આજીજી કરવાથી ધન્ના સાર્થવાહ પોતાને માટે આવેલ ખોરાકમાંથી તેને આપે, એવી સરતે વિજય ચોર ધન્ના સાર્થવાહની સાથે ગયો. બીજે દીવસે ભાત લઈને પંથક આવ્યો. અને ધન્નાને આપ્યું. ધન્નાએ પંથકના દેખતા વિજય ચોરને તેમાંથી ભાગ આપ્યો. પંથક ઘેર ગયો અને ભદ્રાને આ વાત કરી; ભદ્રાના શોકનો પાર ન રહ્યો.

કેટલોક વખત વીત્યા બાદ ધન્નાના સગા સંબંધીઓએ રાજાને દંડ આપીને ધન્નાને છોડાવ્યો. ધન્નો ઘેર આવતાં કુટુંબીઓએ તેનો આદર-સત્કાર કર્યો; પરંતુ ભદ્રાએ તેનો આદર કર્યો નહી. ધન્નાને આશ્ચર્ય થયું. કારણ પૂછતાં ભદ્રાએ જણાવ્યું કે પુત્રનો ઘાતક વિજય ચોર, તેને અન્ન આપવાથી મને ક્રોધ કેમ ન થાય. ધન્નાએ કહ્યું, આપણો દુશ્મન વિજય ચોર તેને તું સ્નેહિ તરીકે ગણ્યો; કેમકે મને જંગલ જવાની ઇચ્છા થવાથી મારી સાથે લઇ જવાની ખાતર અન્ન આપવાની સરતે મારે તેમ કરવું પડયું છે. પણ ધર્મભાવથી કે પ્રેમ ભાવથી મેં તેને અન્ન આપ્યું નથી. આ સાંભળી ભદ્રાને સંતોષ થયો અને પતિને પ્રેમથી મળી.

વિજય નામનો ચોર ભુખતૃષાથી પીડાઇને, ચાબુક વગેરેના મારથી અશક્ત બનીને, આર્ત ધ્યાનથી તે કેદખાનામાંજ મરણ પામ્યો અને મરીને નરકે ગયો. ત્યાં અનંત દુઃખ ભોગવીને સંસાર પરિભ્રમણ કરશે.

તે સમયે રાજગ્રહી નગરીના ઉદ્યાનમાં ધર્મઘોષ નામના સ્થવીર પધાર્યા, ધન્ના સાર્થવાહ વંદણા કરવા ગયો. ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યો અને દીક્ષા લીધી. ઘણા વર્ષ સાધુ પ્રવર્ત્યા પાળી એક માસનો સંથારો કરી સુધર્મ નામના પહેલા દેવલોકે ગયો અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ જશે.

ન્યાય—જેમ વિજય ચોર ધન માલમાં લુબ્ધ થયો તેમ જૈન સાધુ યા સાધ્વી દીક્ષા લેઇને ધન, માલ,

અને કળા શીખવવાનું કામ સોંપું. કાળાન્તરે તે નૃત્યકળામાં કુશળ બન્યું, અને જીનદત્તને મ્હચ્છીત સુખ પ્રાપ્ત થયું.

ન્યાય—જેમ સાગરદત્તે શંકા લાવવાથી ઇચ્છિત સુખ નષ્ટ કર્યું, તેમ જૈન સાધુ સાધ્વી દીક્ષા લઈને પાંચ મહાવ્રત, છ જીવની કાય, નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા કરે, અન્ય મતની વાંચ્છા કરે, ફળ પ્રાપ્તિમાં સંદેહ કરે, તો ઇચ્છિત સુખ નષ્ટ કરીને સંસારમાં પરિભ્રમણ કરે અને જીનદત્ત માફક શંકા કંખા રહિત પોતાના નિયમની બરાબર પ્રતિ પાલના કરે તો તે ચાર તિર્થમાં સત્કાર સન્માન પામે, અને ચારગતિનો અંત કરી મોક્ષગતિને વરે.

ગરદન બહાર કાઢી, તે તકનો લાભ લઈ ફરી શિયાળ આવ્યાં અને તેની ગરદન વગેરે ખાઈ ગયા અને કાચબાને મારી નાખ્યો.

પછી તે બંને શિયાળો બીજા કાચબા પાસે ગયા. તેને મારી નાખવા ઘણા ફાંફા માર્યા, પરંતુ તે કાચબાને તેઓ કોઇ પ્રકારની ઇજા કરી શક્યા નહિ. ફરીથી શિયાળ એકાંતમાં ગયાં. તે શિયાળને ચાલી ગયેલ જોઇને બીજા કાચબાએ પહેલા તેની ગરદન બહાર કાઢી અને ચોમેર જોયું. અને પછી ચારે પગ એકી સાથે કાઢયા અને એકદમ શીઘ્રગતિથી દોડી જઇને ગંગા નદીના કુંડમાં કુદી પડયો, અને ત્યાં સુખપૂર્વક રહેવા લાગ્યો.

ન્યાય—જેવી રીતે પહેલો કાચબો ઇંદ્રિયનું ગોપન નહિ કરી શકવાથી દુઃખી થયો તેવી રીતે જૈન સાધુ–સાધ્વી દીક્ષા લઇને પાંચ ઇંદ્રિયોનું ગોપન નહિ કરે તો આ ભવમાં નિંદનિક થશે અને પરલોકમાં પણ દુઃખી થશે અને ચાર ગતિમાં પરિભ્રમણ કરશે. જેમ બીજો કાચબો ઇંદ્રિયોને ગોપવાથી સુખી થયો તેમ જૈન સાધુ સાધ્વી ઇંદ્રિય દમન કરવાથી આ લોક પર લોકમાં પુજા સત્કાર પામશે અને મોક્ષગતિ જેવા અનંત સુખનો આસ્વાદ લઇ શકશે.

---

૫ થાવચ્ચાંપુત્ર

સુવર્ણના કોટવાળી, મણિરત્નના કાંગરાવાળી, ધનપતિ કુબેરની બુદ્ધિથી ઉત્પન્ન થયેલી દ્વારિકા નામની નગરી હતી. તે નગરીમાં એક મહા રિદ્ધિવંત થાવચ્ચાં નામની ગાથાપતિની ને એક પુત્ર હતો, તેનું નામ થાવચ્ચાંપુત્ર. યૌવનાવસ્થાએ પામતાં થાવચ્ચાંપુત્રને બત્રીસ સ્ત્રીઓ પરણાવવામાં આવી. અને તે સ્ત્રીઓના પ્રેમ સૌંદર્ય-માં થાવચ્ચાંપુત્ર સમય પસાર કરતો હતો. એકદા પ્રસંગે દ્વારિકા નગરીના નંદનવન નામના ઉદ્યાનમાં ૨૨મા તિર્થંકર શ્રી નેમનાથ પ્રભુ પધાર્યા. પરિષદ્ દર્શન કરવાને નીકળી. જેમ મેઘકુમાર દર્શન કરવાને નીકળ્યાં તેમ થાવચ્ચાંપુત્ર પણ નીકળ્યાં. પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. થાવચ્ચાંપુત્રને વૈરાગ્ય થયો. ઘેર આવી માતા પાસે દીક્ષાની આજ્ઞા માગી. માતાપુત્રનો સંવાદ થયો. પુત્રનો તીવ્ર વૈરાગ્ય જોઇ માતા સંવાદમાં જીતી નહી. પરિણામે દીક્ષાની રજા આપવી પડી. ત્યાંથી તે રાજદરબારમાં શ્રીકૃષ્ણ વાસુદેવ પાસે ગઈ, સર્વવાત વિદિત કરી અને છત્ર, મુગટ, ચામર વગેરેની માગણી કરી. કૃષ્ણ વાસુદેવે પોતેજ થાવચ્ચાંપુત્રનો દિક્ષામહોત્સવ કરવાનું કહ્યું. પ્રથમ તો શ્રી કૃષ્ણે થાવચ્ચાંકુમારને દિક્ષા નહિ લેવા અને પોતાના આશ્રય તળે આવવા સમજાવ્યું. કુમારે જવાબ આપ્યો, મહારાજા, જો તમે જન્મ, જરા અને મૃત્યુનો નાશ કરી શકતા હો તો હું તમારા આશ્રયે આવું. કૃષ્ણે કહ્યું. તે તો દેવ કે દાનવોથી પણ બની શકે તેમ નથી. “છેવટે કૃષ્ણ વાસુદેવે નગરમાં જેને દિક્ષા લેવી હોય તે લે, તેમનાં

સર્વ કુટુંબનો નિર્વાહ હું કરીશ." એવો અમર પડહ વગડાવ્યો. પરિણામે એક હજાર પુરુષો દીક્ષા લેવા તૈયાર થયા. થાવચ્ચાપુત્રે પંચમુષ્ટિ લોચ કર્યો અને નેમનાથ પ્રભુ પાસે દીક્ષિત થયાં. ચૌદ પૂર્વનો અભ્યાસ કરી તપ સંયમમાં આત્માને ભાવતાં થાવચ્ચાપુત્ર વિચરવા લાગ્યા.

એક વખત થાવચ્ચાપુત્રે પોતાના એક હજાર શિષ્યો સાથે જનપદ દેશમાં વિહાર કરવા માટે ભગવાન પાસે આજ્ઞા માગી. ભગવાને આજ્ઞા આપી. જનપદદેશના શૈલકપુર નામના શૈલકરાજ તથા પંથક પ્રમુખ તેના પાંચસો મંત્રિને પોતાના ઉપદેશથી શ્રાવક ધર્મ અંગીકાર કરાવ્યો. તે વખતે સાંખ્યમતવાળો શુક નામે પરિવ્રાજક હતો. તે અનેક લોકોને પોતાનો શુચિધર્મનો ઉપદેશ આપી પ્રતિબોધતો, અને સુદર્શન નામે મહાદ્ધિવંત શેઠ શુચિ એ ધર્મનું મૂળ છે, એ સત્યમાની તેનો અનુયાયી થયો. પરંતુ થાવચ્ચાપુત્રે 'વિનય એ ધર્મનું મૂળ' એ સચોટ સમજાવવાથી સુદર્શન શ્રાવક થયો હતો. આ વાતની શુકને ખબર પડવાથી સુદર્શન પાસે આવ્યો, સુદર્શને તેને થાવચ્ચાપુત્ર પાસે મોકલ્યો. બન્નેનો સંવાદ થયો. થાવચ્ચાપુત્રની અદ્ભુત જ્ઞાન શક્તિથી શુક પ્રતિબોધ પામ્યો. અને પોતાના હજાર પરિવ્રાજકો સહિત થાવચ્ચાપુત્ર પાસે જૈન મતની દીક્ષા લીધી. થાવચ્ચાપુત્ર ઘણાજીવોને પ્રતિબોધ પમાડી, ઘણા વર્ષ સંયમ પાળી, ઉગ્ર તપશ્ચર્યા કરી, પાદોપગમ સથારો કરી કેવલજ્ઞાન પામ્યા. અને સર્વ દુઃખોથી રહિત બની સિદ્ધગતિને વર્યા.

શુક અણગાર એકદા વિહાર કરતા કરતા શૈલકપુર નગરના ઉદ્યાનમાં આવ્યા. પરિષદ વાંદવા આવી. શૈલક નગરીનો રાજા શૈલક પણ દર્શન કરવા આવ્યો. શુક અણગારે ધર્મોપદેશ આપ્યો.

ભારથી ઉંચે પાણી પર ન રહેતા નીચે જમીનપર જઇને સ્થિર રહે છે. તેવી રીતે જીવ પ્રાણાતિપાતાદિ અઢાર પાપ સ્થાનક વડે આઠ-કર્મની પ્રકૃતિઓ સંચિત કરે છે. અને તેના ભારથી તે મરીને નરકાદિ દુર્ગતિમાં જાય છે. તેવી રીતે જીવનું ભારીપણું છે, વળી તે તુંબડું પાણીમાં રહેવાથી પલળીને તે પરથી માટીનો લેપ, ડાભ તૃણ વગેરે ધોવાઇને દૂર થાય છે, અને તેથી તુંબડું પાણીની ઉપર આવી તરવા લાગે છે. તેવી રીતે જીવ પ્રાણાતિપાત આદિથી નિવર્તીને અનુક્રમે આઠ કર્મોનો ક્ષય કરી દેવલોક વગેરેને ઓળંગીને અવ્યાબાધ, અક્ષય, એવી મોક્ષગતિને પામે છે. એવી રીતે જીવ લઘુત્વ અથવા હલકાપણું પામે છે.

ન્યાય—જેવી રીતે માટીના લેપથી ભારે થયેલું તુંબડું નીચે તળીયે બેસે છે તેવી રીતે આશ્રવના કર્મ બંધનથી જીવ નીચ ગતિમાં જાય છે, તે લેપથી જેવી રીતે તુંબડું મુક્ત થઈ પાણી પર ઉંચે તરે છે તેવી રીતે જીવ સંવરનિર્જરા આદિ શુભ ક્રિયાઓ વડે કર્મથી રહિત થઇ સંસાર સમુદ્રને તરે છે અને મોક્ષસ્થાનમાં જઇ સ્થીર રહે છે.

---

૭ રોહીણિ

શ્રેણિક રાજાની રાજગૃહી નગરીમાં ધન્નાસાર્થવાહ નામનો મહાઋદ્ધિવંત શેઠ રહેતો હતો. તેને ધનપાળ, ધનદેવ, ધનગોપ, અને ધનરક્ષિત એ નામના ચાર પુત્રો હતાં, અને તે ચારે પુત્રોને ચાર સ્ત્રીઓ હતી. જેમના નામ ૧ ઉજ્ઝીયા, ૨ ભોગવંતી, ૩ રક્ષિતા, ૪ રોહિણી અનુક્રમે હતાં. એક વખત ધન્નાસાર્થવાહને વિચાર થયો કે હું મ્હારા કુટુંબમાં અગ્રગણ્ય છું દરેક કાર્ય મ્હારી સલાહથી જ કરવામાં આવે છે. પરંતુ મ્હારી ગેરહાજરીમાં અગર મ્હારા મૃત્યુથી મારી સઘળી મીલકતની શી વ્યવસ્થા થશે, અગર સારી રીતે કોણ સાચવી શકશે. અગર કુટુંબમાંના કોઈ માણસને કુરસ્તે જતા અથવા અકાર્ય કરતાં કોણ અટકાવશે. માટે હું મ્હારી ચાર પુત્ર વધુઓને શાળના પાંચ અખંડ દાણા આપીને પરીક્ષા કરૂં કે તેમાં કોણ અને કેવી રીતે તેની રક્ષા કરે છે, અથવા વૃદ્ધિ કરે છે.

એવો વિચાર કરીને બીજે દીવસે સવારમાં મિત્રજ્ઞાતિ વગેરેને જમણ આપ્યું. તેમાં ચાર પુત્ર વધુઓને બોલાવી સત્કાર સન્માન આપી જમાડયાં. પછી જ્ઞાતિજનો વચ્ચે મોટી પુત્ર વધુ ઉજ્ઝીયાને બોલાવી, અને કહ્યું, 'વત્સ, લ્યો આ પાંચ શાળના દાણા, અને જ્યારે હું પાછા માગું ત્યારે તે મને આપજો.' ત્યાર પછી બીજી ત્રીજી અને ચોથી એમ દરેક સ્ત્રીને બોલાવીને દરેકને પાંચ પાંચ શાળના દાણા આપ્યા અને તે માગે ત્યારે પાછા આપવા જણાવ્યું.

પ્રથમ મોટી વહુએ તે દાણા લઈને વિચાર કર્યો કે મારા

કોઠારમાં ડાંગર ઘણી ભરી છે, તો મારા સસરા માગશે તે વખતે ત્યાંથી લાવીને આપીશ. એમ કહીને તેણે તે પાંચ દાણા ફેંકી દીધા.

ભોગવતી નામની બીજી પુત્ર વધુએ પણ એવો જ વિચાર કરીને, તે ડાંગર ઉપરથી ફોતરા ઉતારીને દાણા ખાઈ ગઈ, અને પોતાના કામે લાગી;

ત્રીજી રક્ષિતા નામની પુત્ર વધુ તે દાણા લઇને એકાંતમાં જઈ વિચાર કર્યો કે મારા સસરાએ મિત્ર, જ્ઞાતિ, કુટુંબ ઇત્યાદિ સર્વની સન્મુખ આ પાંચ દાણા આપ્યા છે, માટે તેમાં કંઇક ભેદ હોવો જોઇએ. એમ ધારી તે પાંચ દાણાને એક વસ્ત્રમાં બાંધી તેને રત્નના કરંડીયામાં રાખ્યા, અને તે કરંડીયાને એક પેટીમાં રાખ્યો. અને ઓસીકા નીચે રાખી સવાર સાંજ બે વખત રોજ તેની સંભાળ કરવા લાગી.

રોહીણી નામની સૌથી નાની પુત્ર વધુએ રક્ષિતા માફક વિચાર કર્યો કે આમાં કંઈક કારણ હોવું જોઇએ. માટે આ દાણાની બરાબર રક્ષા કરવી જોઇએ. એટલું જ નહિ પણ તેમાં વૃદ્ધિ કરવી જોઇએ. એમ ધારી પોતાના ઘરના નોકરને બોલાવીને કહ્યું. ' આ ડાંગરના દાણા લઈ જાઓ, અને બહુ વર્ષાદ થાય તે વખતે એક નાની કયારી બનાવી તેમાં આ પાંચ દાણા વાવો, અને તે કયારીને ફરતી એક વાડ બનાવી તેની બરાબર રક્ષા કરો. પ્રથમ વર્ષાઋતુમાં તેણે તે દાણા વાવ્યા, બીજી સાલ પણ ઉત્પન્ન થયેલાં સઘળા દાણા વાવ્યા, એમ દર વર્ષાઋતુમાં તમામ ઉત્પન્ન થતી ડાંગર વાવતાં તેમાં પુષ્કળ વૃદ્ધિ થતી ગઇ. અનુક્રમે ચાર વર્ષ સુધી તે વાવી. તૈયાર થયે તેને કાપીને ખળાં બનાવ્યાં. તેમાં તેને મસળી, સ્વચ્છ કરી તે ડાંગર વાસણોમાં ભરી લીધી અને તેની રક્ષા કરવા લાગી.

પાંચમે વર્ષે ધન્નાએ તે દાણા પાછા માગવાનો નિશ્ચય કર્યો. અને એક દિવસે સ્વજન, મિત્ર જ્ઞાતિ તથા પુત્ર વધુ વગેરેને નોતરી, ભોજન વગેરે જમાડી સન્માન કર્યું. ત્યારબાદ સૌથી પહેલાં મોટી પુત્ર વધુને બોલાવીને પ્રથમ આપેલા પાંચ દાણા પાછા માગ્યા. ઉજ્ઝીકાએ કોઠારમાં જઈ તેમાંથી પાંચ દાણા લાવી ધન્નાસાર્થવાહને આપ્યા. ધન્ના સાર્થવાહે ઉજ્ઝીકાને સોગન આપીને કહ્યું કે હે પુત્રી, મેં તને જે પાંચ ડાંગરના દાણા આપ્યા હતા તે આ છે કે બીજા? ઉજ્ઝીકાએ સત્ય હકીકત જાહેર કરતાં, તે દાણા બીજા હોવાનું જણાવ્યું. ધન્ના સાર્થવાહ તેના પર ગુસ્સે થયો અને તેને ઘરનું ઝાડું કાઢવાનું, પાણી છાંટવાનું, છાણ વાસીદું કરવાનું, ધીમરા ઝુંપવાનું વગેરે ઘરની બહારનું કામ, દાસીનું કામ સોંપ્યું.

ત્યારબાદ બીજી ભોગવતીને પૂછ્યું, તેણે પણ તેવો જ જવાબ આપ્યો. તેણી તે દાણા ખાઈ ગઈ હતી તેથી તેને ડાંગર ખાંડવાનું, ઘઉં દળવાનું, રસોઈ કરવાનું, વાસણ માંજવાનું, અને ઘરની અંદરનું પરચુરણ કામ સોંપવામાં આવ્યું.

ત્રીજી રક્ષિકા નામની પુત્ર વધુ પાસે જ્યારે તે દાણા માગવામાં આવ્યા ત્યારે તે ઘેર ગઈ અને રત્નના કરંડીયામાંથી વઅપી બધિલા દાણા લાવી. જ્યારે તેને તેજ દાણા હોવા વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેણે સઘળી સત્ય વાત નિવેદન કરી. ધન્ના સાર્થવાહ આનંદ પામ્યો અને તેને સર્વ હીરા, માણેક, સુવર્ણ વગેરે ધનભંડારની કુંચીઓ સોંપી.

છેવટે રોહીણી નામની ચોથી પુત્ર વધુને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું, 'હે તાત મને પુષ્કળ ગાડા ગાડીઓ આપો, જેથી હું તમારા તે પાંચ દાણા લાવી આપું.' ધન્નાએ કહ્યું, પુત્રી, મારા

પાંચ દાણા ગાડા ગાડીઓમાં તું કેવી રીતે લાવીશ, તે સાંભળી તેણે ઉપરોક્ત સર્વ વાત વિદિત કરી. ધન્ના સાર્થવાહે ગાડા આપ્યાં. રોહિણીએ પાકેલી તમામ ડાંગરથી તે ગાડાઓ ભરાવ્યાં. જે રાજગૃહી નગરીના રાજમાર્ગની મધ્યમાં તે ડાંગરથી ભરેલાં ગાડાંઓ જતાં જોઇને નગરજનોએ વાત જાણવાથી સર્વ કોઈ ધન્ના સાર્થવાહની રોહીણી પુત્ર વધુની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા. ધન્ના સાર્થવાહ ડાંગરના ભરેલાં ગાડાંઓ જોઇને ખૂબ આનંદ પામ્યો અને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. પછી તેણે તે રોહીણીને, દરેક કાર્યમાં સલાહ આપવાનું કામ સોંપ્યું, અને ઘરમાં સર્વથી મોટી સ્થાપિત કરવામાં આવી.

ન્યાય—જેવી રીતે ઉજ્ઝીયા ડાંગરના પાંચ દાણા નાખી દેવાથી, લોકમાં નિંદાને પાત્ર બની, હલકું કામ કરી દુઃખી થઈ તેવી રીતે સાધુ સાધ્વી પંચ મહાવૃત અંગીકાર કરીને પ્રમાદવશ શીથીલ બનીને પંચમહાવૃતને ફેંકી દે, તો અભવમાં નિંદાને પાત્ર બને, અને પરભવમાં દુઃખી થાય.

જેમ ભોગવતી તે પાંચ દાણાને ખાઈ ગઇ, ને મહેનત મજુરીનું કામ કરીને દુઃખી થઈ તેમ સાધુ સાધ્વી, પંચમહાવૃત ધારણ કરીને, રસના લોલુપી બની વૃત ભંગ કરે તો હિલના નિંદા પામે અને સંસારમાં પરિભ્રમણ કરે.

જેમ રક્ષિતાએ પાંચ દાણાનું ઉમદા રીતે રક્ષણ કર્યું તેમ સાધુ સાધ્વી પંચ મહાવૃતનું મૂળ ગુણમાં રહીને યથાર્થ રક્ષણ કરે તો ચાર તીર્થમાં પુન્યનિક બને, અને આત્મકલ્યાણ સાધે.

જેમ મોદીથી પાંચસોણાની વૃદ્ધિ કરીને પ્રશંસા પામી, તેમ સાધુ સાધ્વી પંચ મહાવ્રત લઇને, સંયમ તપમાં વૃદ્ધિ કરે તો આ ભવમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાએ ચારે તીર્થમાં પ્રશંસા પામે, પુજ્યનિક બને અને પરભવમાં અનંત સંસારને છેદ કરી સીદ્ધગતિને પામે.

૮ મલ્લીનાથ

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિતશોકા નામની રાજ્યધાની હતી તેમાં બળ રાજા રાજ્ય કરતા હતા, ધારણી પ્રમુખ એક હજાર પટ્ટરાણીઓ હતી. ધારણી દેવીને મહાબળ નામના કુમાર હતો. તેને રૂપ, સૌંદર્યવાન પાચસો રાજ્ય કન્યાઓ પરણાવવામાં આવી હતી. તેમની સાથે મહાબળ મનુષ્યના કામભોગ સંબંધાનું સુખ ભોગવતો રહેતો હતો. એકદા ધર્મઘોષ નામના સ્થવીર તે નગરીના ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ વંદન કરવા ગઇ. બળરાજા પણ વંદન કરવા આવ્યો. મુનિની દેશનાથી રાજા વૈરાગ્ય પામ્યો અને મહાબળને રાજ્ય સોંપી દીક્ષા લઇ ચાલી નીકળ્યો.

આ મહાબળ કુમારને ૭ બાળમિત્રો હતા, જે સર્વ સાથે જન્મેલા અને વૃદ્ધિ પામતા હતા. અને તે સાતે જણાએ સાથે દીક્ષા લેવાનો નિરધાર કર્યો હતો, તે સમયે ઇંદ્રકુંભ ઉદ્યાનમાં ધર્મઘોષ નામના સ્થવીર પધાર્યા. મહાબળ વંદન કરવા ગયો. મુનિના ઉપદેશથી બોધ પામ્યો અને પોતાના ૭ બાળમિત્રાને પુછી દીક્ષા લેવાનું ધર્મઘોષ સ્થવીર પ્રત્યે કહ્યું અને સ્વસ્થાને ગયો.

ત્યારબાદ તે પોતાના ૭ મિત્રો પાસે આવ્યો અને સર્વ વાત નિવેદન કરી. ૭ મિત્રો પણ દિક્ષા લેવા તૈયાર થયા. મહાબળે

પોતાના પુત્રને રાજ્ય સોંપી છ જણાની સાથે ધર્મઘોષ મુનિ પાસે દીક્ષા લીધી અને તપ સંયમમાં વિચરવા લાગ્યાં.

એક વખતે સાતે જણાએ મળીને એવો નિશ્ચય કર્યો કે આપણે બધાએ સરખીજ તપશ્ચર્યા કરવી. બધા કબુલ થયાં અને ઉપરા ઉપરી ઉપવાસ, છઠ અઠમ આદી નાની મોટી તપશ્ચર્યા કરવા માંડી. મહાબળે વિચાર કર્યો કે હું બધાથી વધારે તપશ્ચર્યા કરૂં. એમ ધારી જ્યારે પેલા છ જણ એક ઉપવાસ કરે ત્યારે મહાબળ બે ઉપવાસ કરે, પેલા, બે ઉપવાસ કરે ત્યારે મહાબળ ત્રણ ઉપવાસ કરે. એમ દરેક વખતે એકેક ઉપવાસની મહાબળ [illegible] તપશ્ચર્યા કરે. આ પ્રમાણે પેલાથી છાની અને [illegible] સુત્રો તપશ્ચર્યા કરી. આ મહાબળ [illegible] બંધ પડયો અને મહાબળ કુમારે સ્ત્રીનામ કર્મ [illegible] તપશ્ચર્યા અને વીસ સ્થાનકના સેવન [illegible] અનુક્રમે સાતે જણા કાળધર્મને પામી [illegible] થયાં. ત્યાંથી [illegible] નગરમાં રાજ્ય [illegible] કાળ કરી પેલા [illegible] થયા મિથિ- [illegible] કુમારો પણ [illegible] થયા. પણે [illegible] લાનમરીમા [illegible] અને ૬૪ થયાં. [illegible] દેવોને ગર્ભમાં [illegible] અને જે વાસુ- પુષ્પની [illegible] પાડવામાં વ્યંતર દેવો [illegible] અને [illegible] અનુક્રમ દોહિલમાન દુર્ગંધીને [illegible] હતું. [illegible]

જ ન હતું. અનુક્રમે મલ્લિકુંવરી અનેક ધાવમાતાઓના લાલનપાલન વડે વૃદ્ધિગંત થવા લાગી. તિર્યંકરોને જન્મથીજ અવધિજ્ઞાન હોય છે. તેથી તેમણે પૂર્વભવના છએ બાળમિત્રોને જુદા જુદા રાજ્યોમાં જન્મેલા જોયાં. અને તે સર્વને બુઝાવવાને માટે નિશ્ચય કર્યો.

મલ્લી કુંવરીએ અશોક વનમાં એક મોહનઘર બંધાવ્યું, તેમાં અનેક થાંભલા ઉભા કરાવ્યાં, તેની અંદર મધ્યમાં એક ગુપ્તઘર કરાવ્યું, તેને ફરતી ૭ જાળીઓ બનાવવામાં આવી. વચ્ચે એક મણિપીઠીકા અથવા ચબુતરો ઉભો કરવામાં આવ્યો. અને એક કુશળ ચિત્રકાર પાસે પોતાના સ્વરૂપ જેવી સુંદર અને લાવણ્ય વાળી એક સુવર્ણની પ્રતિમા કરાવીને તે મણિપીઠીકા પર ઉભી રાખી. તેના મસ્તક પર એક છિદ્રવાળું દ્વાર બનાવ્યું. અને દ્વાર ઉઘાડીને તેમાં રોજ અન્ન વગેરે નાખવા લાગી. દરરોજ આહાર નાખવાથી તેની અંદર મરેલા સર્પ અથવા મૃત ગાય અથવા મરેલા માણસનું શરીર સડી જાય અને જે દુર્ગંધ છૂટે તેવી દુર્ગંધ ઉત્પન્ન થઈ.

મલ્લી કુંવરીના રૂપ સૌંદર્યની પ્રશંસા આખા દેશમાં પહોંચી ગઈ હતી. પેલા ૭ બાળમિત્રો, જેઓ કાળાન્તરે રાજ્યાસન પર આવ્યા હતાં તેમનાં સાંભળવામાં પણ મલ્લિ કુંવરીના સૌંદર્યની વાત આવી હતી. તેથી તેઓને મલ્લી કુંવરીને પરણવાનો ભાવ ઉત્પન્ન થયો હતો. અને પોતાના દૂતોને કુંભરાજા પાસે મલ્લી કુંવરીનું માગું કરવા મોકલ્યા. કુંભરાજાને દૂતોએ જ્યારે આ વાત કરી ત્યારે કુંભરાજા ઘણો જ ગુસ્સે થયો અને દૂતોને કાઢી મૂક્યા. પરિણામે છએ રાજાઓએ સંધી કરીને પોતાનું લશ્કર લઈ કુંભરાજા પર ચડી આવ્યાં અને નગરીને ઘેરો ઘાલ્યો. કુંભરાજા લડયો, પરંતુ ૭ જણાના એકત્ર સૈન્ય સાથે ફાવી શકયો નહી. તેથી તે મહેલમાં પેસી શોક કરવા લાગ્યો.

મલ્લીકુંવરીએ વાત જાણી. પીતા પાસે જઇ શોક ન કરવાનું કહે અને જણાવ્યું કે પીતાજી, તમે દૂત મોકલી તે છએ રાજાને જણાવો કે હું તમને મલ્લી કુંવરી આપીશ. અને તેઓને મિથિલા નગરીમાં પ્રવેશ કરાવી જે ગુપ્ત ઘર બનાવ્યું છે તેમાં રાખો. રાજાએ તે પ્રમાણે કર્યું. [illegible] છ રાજાઓને ગુપ્તઘરમાં લઇ જવામાં આવ્યા ત્યારે [illegible] જે પ્રતિમા બનાવેલી તે દેખીને બધા [illegible] મલ્લીકુંવરી માનીને તેના પ્રત્યે અનિમેષ નજરે [illegible]

[illegible] મલ્લીકુંવરીએ [illegible] તે પ્રતિમા પાસે આવીને [illegible] તેમાંથી પારાવાર દુર્ગંધ છૂટી, [illegible] આડું કપડું રાખીને [illegible] મલ્લીકુંવરીએ કહ્યું. હે રાજાઓ, [illegible] કહ્યું કે આ [illegible] કહ્યું. આ સુવર્ણ [illegible] નાખતી. [illegible] ગંધ [illegible] શરીરમાં કેટલા [illegible] અને તમે મનુષ્યના [illegible] આપશો મહાબળ [illegible] લીધી હતી. [illegible] કપટભાવે એકેક [illegible] હું જાપણે ઉત્પન્ન [illegible] જયંત વિમાનમાં [illegible] અને [illegible] ગયા પછી જે પ્રથમ આપણે [illegible] સંકલ્પ કર્યો. [illegible]

સમજે તેમણે બીજાને પ્રતિબોધ આપવો અને દરેકને દીક્ષા લેવી. તે શું તમે ભૂલી ગયા? તમે પૂર્વભવ યાદ કરો. તે સાંભળી સઘળા વિચારમાં પડ્યા અને શુક્લ ધ્યાનથી ઉપયોગ મૂકતાં તેઓને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. તરતજ ગર્ભઘરનાં દ્વારો ખોલવામાં આવ્યા. છએ જણાઓ મલ્લીકુંવરી પાસે આવ્યા. મલ્લિકુંવરીએ કહ્યું કે હું સંસાર ભયથી ઉદ્વેગ પામી છું અને દિક્ષા લેવા ચાહું છું, બોલો,– તમારી શી ઇચ્છા છે? બધાએ દીક્ષા લેવાનું વચન આપ્યું. તેઓ રાજ્યમાં જઇ પોતાના પુત્રોને રાજ્ય સોંપી દિક્ષા લેવાનું કહીને ગયા.

મલ્લીકુંવરી દિક્ષા લેવા તત્પર થઇ, વરસીદાન આપવું શરૂ કર્યું. દેવતાનું આસન ચળ્યું, લોકાન્તિક દેવો આવ્યા. ધર્મમાર્ગ પ્રવર્તાવવાની ઉદ્ઘોષણા કરી. માતાપિતાએ દિક્ષાની રજા આપી. સોનારૂપાના કળશો બનાવરાવી તિર્થંકરનો અભિષેક કરાવ્યો, ઇંદ્રોએ દિક્ષા મહોત્સવ ઉજવ્યો. સહસ્રવન ઉદ્યાનમાં અશોકવૃક્ષ પાસે આવીને મલ્લિપ્રભુએ સ્વયંમેવ પંચમુષ્ટિ લોચ કર્યો. અને પ્રવ્રજિત થયાં. છએ રાજાઓ તથા કુંભરાજા પ્રભુનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા. કુંભરાજા શ્રાવક થયો. છએ રાજાઓએ દીક્ષા લીધી. મલ્લિપ્રભુને દીક્ષા લીધાબાદ તરતજ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. સખ્ત તપ જપ કરી, ચોપન હજાર વર્ષસુધી સંયમ પાળી, કેવળજ્ઞાન, કેવળ દર્શનને પામ્યાં. અને એક હજાર વર્ષ સુધી કેવળ પ્રવ્રજ્યામાં રહી, અવ્યાબાધ એવી મોક્ષગતિને પ્રાપ્ત થયાં.

સાર—મહાન્ તપશ્ચર્યા અને સંયમને સેવતા છતાં, માયાથી તિર્થંકર જેવાને પણ સ્ત્રી પણું પ્રાપ્ત થયું. તો માયા એ કેટલી અનર્થકારી વસ્તુ છે તે આ વાત પરથી સમજાશે.

---

૯ જીનરક્ષ, જીનપાળ.

[illegible]

જો તમે મારી સાથે કામભોગ ભોગવશો તો હું તમને જીવતા રાખીશ. નહિતો આ તરવારથી તમારા બંનેનું મસ્તક ઉડાવી દઇશ. તેની વચનાના ભયથી આ બંને કબુલ થયા. તેથી તે દેવી તે બંનેને પોતાના મહેલમાં લઇ જઇને વિપુલ ભોગ ભોગવવા લાગી.

એક વખત રત્નદ્વીપા દેવીએ આ બંનેને કહ્યું કે તમે કોઇ વખત ઉદ્વેગ પામો અને ફરવા જવાનું મન થાય તો બધી દિશામાં જજો, પણ દક્ષિણ દિશાના વનખંડમાં ન જતા, તે મુજબ તેઓ દરેક દિશામાં જતા પણ દક્ષિણ દિશામાં ન જતા. એકવાર તેઓને વિચાર થયો કે દેવીએ દક્ષિણ દિશામાં જવાની શા માટે ના કહી. ત્યાં કંઇક હોવું જોઇએ. એમ ધારી તેઓ બંને દક્ષિણ દિશામાં જવા તત્પર થયા. ત્યાં જતાં પ્રથમ તેમને એક સર્પના મડદાની પારાવાર દુર્ગંધ આવી તે સહન ન થઇ શકવાથી તેઓ મ્હોં ઢાંકી દક્ષિણ દિશાના વનખંડમાં આવ્યા, ત્યાં એક વધસ્થાન તેમણે જોયું. અને શૂળી ઉપર એક માણસને ચડેલો જોઇને આ બંને ભયભિત થયા. પેલા માણસને કારણ પૂછયું ત્યારે તેણે કહ્યું કે આ વધસ્થાન રત્નદ્વીપા નામની દેવીનો છે. હું કાકંદી નગરીનો એક ઘોડાનો વેપારી છું. લવણસમુદ્રમાં મુસાફરી કરતાં વહાણ ભાંગવાથી એક પાટીયાને આધારે આ દ્વીપમાં આવ્યો. અને મને આ દેવી લઇ ગઇ અને એક અલ્પ અપરાધને ખાતર તે દેવીએ મ્હારી આ દુર્દશા કરી છે। આ સાંભળી તેઓ બંને વધારે ભયભીત થયા અને દેવીના પંજામાંથી છૂટવાનો વિચાર કર્યો. છૂટવાનું કારણ પૂછતાં, પેલા શૂળીપર ચડેલા પુરૂષે કહ્યું કે પૂર્વ દિશાના ખંડમાં શૈલક નામના યક્ષનું મંદિર છે. તેની પૂજા કરશો તો તમે છૂટશો. તે મુજબ તેઓએ કર્યું, પરિણામે શૈલક યક્ષ પ્રસન્ન થયો. અને તેઓને

૯ જીનરક્ષ, જીનપાળ.

[illegible] ચંપાનગરીમાં માકંદિય નામનો એક સાર્થવાહ રહેતો હતો. તેને ભદ્રા નામની સ્ત્રી હતી. તેનાથી તેને બે પુત્ર [illegible] નામ જીનરક્ષ અને બીજાનું નામ જીનપાળ. [illegible] અગ્યાર વખત લવણ સમુદ્રમાં [illegible] આવ્યા હતા. એક વખત તેઓ [illegible] જવાનો નિશ્ચય કર્યો. માતપિતાને [illegible] આ બારમી મુસાફરી દુઃખદાયક [illegible] ન માનતાં હઠ કરીને [illegible] લવણસમુદ્રમાં મધ્ય દરિયામાં [illegible] વિજળી, ગર્જના થવા લાગી [illegible] લાગ્યું અને ધીમે ધીમે [illegible] માલમત્તા તેમાં ડૂબી ગયાં. [illegible] એક લાકડાનું પાટીયું હાથ [illegible] રત્નદ્વીપ નામના બેટ પાસે [illegible] અને ત્યાં ઉતરી [illegible] આવેલી આફત સાટે [illegible] બાગના એક મહેલમાં [illegible] ખરાબ હતી. [illegible] તેથી તે હાથમાં [illegible] પહોંચી અને બોલીઃ

ચલિત ન થયું, તેથી યક્ષે તેને ચંપાનગરીમાં પહોં-
ચાડયો તેમ તમે આશકત નહિ બનો તો પરમ-
સુખાકારી સીદ્ધગતીને પામશો.

---

૧૦ ચંદ્રમા

શ્રમણ ભગવંત શ્રી મહાવીરપ્રભુ એકદા રાજગૃહી નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. શ્રેણિક રાજા અને પરિષદ વંદન કરવા આવી. પ્રભુએ ધર્મોપદેશ આપો. રાજા અને પરિષદ સ્વસ્થાનકે પાછી ગઇ. તે વખતે ગૌતમ સ્વામીએ પ્રભુમહાવીરને પૂછ્યું, હે પ્રભુ, જીવ કયા પ્રકારે વૃદ્ધિ પામે છે. અને કેવી રીતે હીન થાય છે? પ્રભુએ ઉત્તર આપો. ગૌતમ, જેવી રીતે કૃષ્ણપક્ષમાં એકમનો ચંદ્ર પૂર્ણિમાના ચંદ્રથી તેજમાં હિન હોય છે. તેમજ બીજનો ચંદ્ર એકમના ચંદ્રથી હીન હોય છે. ત્રીજનો ચંદ્ર બીજના ચંદ્રથી હીન હોય છે. તેવી રીતે અનુક્રમે અમાવાસ્યાનો ચંદ્ર ચૌદસના ચંદ્રથી હીન હોય છે. એ રીતે હમારા સાધુ સાધ્વીઓ દિક્ષા લઇને ક્ષમા, મુક્તિ, ગુપ્તિ, ઋજુતા, મૃદુતા, લઘુતા, સત્ય, તપ, ત્યાગ, નિર્મમત્વ, અને બ્રહ્મચર્ય એ દસ પ્રકારના યતિધર્મથી હીન હોય છે. એટલે ક્ષમા, બ્રહ્મચર્ય આદિમાં શિથિલ બને છે. વળી જેવી રીતે શુકલપક્ષમાં એકમનો ચંદ્ર, અમાવાસ્યાના ચંદ્રની અપેક્ષાયે વર્ણ, રૂપ, કાંતિ વગેરેમાં અધિક હોય છે. અને પૂર્ણિમાનો ચંદ્ર ચૌદશના કરતાં પ્રકાશમા અધિક હોય છે. તેવી રીતે અમારા સાધુ સાધ્વી દિક્ષા

[illegible] ને ક્ષમા, બ્રહ્મચર્ય આદિ દશ યતિધર્મમાં અધિક હોય છે. અને
[illegible] હીનતિહીન વૃદ્ધિ પામે છે. ઉપર મુજબ શુક્લ,
કૃષ્ણ પક્ષના ચંદ્રમાની પેઠે ગુણ હીન અધિક બને છે.

ભાવાર્થ—જેવી રીતે શુક્લ પક્ષનો ચંદ્ર વૃદ્ધિ પામે છે, તેવી
રીતે સદ્ગુરુના સંસર્ગથી વૈરાગ્યવંત શ્રમણો
ચારિત્રમાં ઉજ્જ્વળ બને છે. અને કૃષ્ણપક્ષની
હીનતાની માફક પ્રમાદી બનેલા સાધુઓ ક્ષમ[ા]
આદિ ગુણોથી હીન હોય છે. ચારિત્ર ક્ષીણ થા[ય]
છે અને દુઃખને પ્રાપ્ત કરે છે.

---

૧૧ દાવદ્રવ વૃક્ષ

એક [illegible] ગૌતમ [illegible] પૂછ્યું, હે ભગવાન,
આરાધક અથવા વિરાધક કેવી રીતે બને છે? પ્રભુએ
[illegible] નામનું વૃક્ષ છે, તે કૃષ્ણ
હે ગૌતમ [illegible] શોભિત રહે છે.
[illegible] છે અને [illegible] માત્ર સ્થિર રહી શકે
[illegible] સડી જાય છે,
[illegible] થાય છે, કેટલાંક [illegible] સાધુ સાધ્વી દીક્ષા
[illegible] અમાન [illegible] શિક્ષા આપે
[illegible] અન્યતિર્થીઓ અથવા ગૃ
[illegible] નાનાદિમાં દેશ વિરાધક હે
[illegible] નથી, તે [illegible]

જેવી રીતે વાયુના પ્રભાવથી કેટલાક દાવદવ વૃક્ષ જીર્ણ થઈ જાય છે સડી જાય છે. કેટલાક દાવદવ વૃક્ષ પત્ર, પુષ્પ, ફળ વગેરે સહિત શોભાયમાન રહે છે. તેવી રીતે અમારા સાધુસાધ્વી દિક્ષા લઈને અન્ય તિર્થિઓ અને ગૃહસ્થોના વચન સહન કરે છે. પણ સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકાના વચન સહન નથી કરતાં તે દેશ આરાધક છે. જેમ દ્વીપ અથવા સમુદ્રનો વાયુ થતો નથી અને સર્વ દાવદવ વૃક્ષ જીર્ણ થઇ જાય છે, અગર સડી જાય છે. તેમ સાધુસાધ્વીઓ દીક્ષા લઇને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, અન્યતિર્થી કે ગૃહસ્થો કોઇના વચન સહન નથી કરતાં, તે સર્વ વિરાધક હોય છે, અને અનેક પ્રકારના વાયુ વાતા છતાં પણ દાવદવ વૃક્ષ ને કંઇ આંચ નથી આવતી, અને પત્ર, પુષ્પોથી સુશોભિત રહે છે, તેમ સાધુ, સાધ્વીઓ દીક્ષા લઇને બધાયના વચનો સમ્યક પ્રકારે સહન કરે છે. તે સર્વ આરાધક હોય છે. ઉપર મુજબ હે ગૌતમ, જીવો આરાધક યા વિરાધક હોય છે.

---

૧૨ સુબુદ્ધિપ્રધાન

ચંપા નામની નગરી હતી. તેમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામનો પ્રધાન હતો, જે જીવાજીવના સ્વરૂપને જાણવાવાળો, અને બુદ્ધિવાળો હતો તે ચંપાનગરીના ઇશાન ખૂણામાં એક પાણીથી ભરેલી ખઈ હતી. જે ચરબી, રૂધીર, માંસ

લઇને ક્ષમા, બ્રહ્મચર્ય આદી દશ યતિધર્મમાં અધિક હોય છે. અને જ્ઞાન ચારિત્રમાં દીનપ્રતિદીન વૃદ્ધિ પામે છે. ઉપર મુજબ શુક્લ, કૃષ્ણ પક્ષના ચંદ્રમાની પેઠે જીવ હીન અધિક બને છે.

ન્યાય—જેવી રીતે શુકલ પક્ષનો ચંદ્ર વૃદ્ધિ પામે છે, તેવી રીતે સદ્‌ગુરૂના સંસર્ગથી વૈરાગ્યવંત શ્રમણો ચારિત્રમાં ઉજ્વળ બને છે. અને કૃષ્ણપક્ષની હીનતાની માફક પ્રમાદી બનેલા સાધુઓ ક્ષમા આદિ ગુણોથી હીન હોય છે. ચારિત્ર ક્ષીણ થાય છે અને દુઃખને પ્રાપ્ત કરે છે.



૧૧ દાવદ્રવ વૃક્ષ

એકદા પ્રભુ મહાવીરને ગૌતમ ગણધરે પૂછ્યું, હે ભગવાન, જીવ આરાધક અથવા વિરાધક કેવી રીતે બને છે? પ્રભુએ કહ્યું હે ગૌતમ, જેવી રીતે સમુદ્રમાં દાવદ્રવ નામનું વૃક્ષ છે, તે કૃષ્ણ વર્ણ વાળું હોય છે, અને પત્ર, પુષ્પ વગેરેથી શોભિત રહે છે. અનેક પ્રકારના વાયરા વાય છે. તથાપી તે શાંત ભાવે સ્થીર રહી શકે છે. કેટલાંક દાવદ્રવ વૃક્ષ જીર્ણ થાય છે, કેટલાંક સડી જાય છે, કેટલાંક પીળાં પડી જાય છે. એવી રીતે અમારા સાધુ સાધ્વી દીક્ષા લઇને બીજા ઘણા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા હિત શિક્ષા આપે છે તે સમ્યક પ્રકારે સહન કરે છે; પણ અન્યતિર્થીઓ અથવા ગૃહસ્થોના દુર્વચન સહન કરતા નથી, તે જ્ઞાનાદિમાં દેશ વિરાધક હોય છે,

જેવી રીતે વાયુના પ્રભાવથી કેટલાક દાવદ્રવ વૃક્ષ જીર્ણ થઇ જાય છે સડી જાય છે. કેટલાક દાવદ્રવ વૃક્ષ પત્ર, પુષ્પ, ફળ વગેરે સહિત શોભાયમાન રહે છે. તેવી રીતે અમારા સાધુસાધ્વી દિક્ષા લઇને અન્ય તિર્થિઓ અને ગૃહસ્થોના વચન સહન કરે છે. પણ સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકાના વચન સહન નથી કરતાં તે દેશ આરાધક છે. જેમ દ્વીપ અથવા સમુદ્રનો વાયુ થતો નથી અને સર્વ દાવદ્રવ વૃક્ષ જીર્ણ થઇ જાય છે, અગર સડી જાય છે. તેમ સાધુસાધ્વીઓ દીક્ષા લઇને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, અન્યતિર્થી કે ગૃહસ્થો કોઇના વચન સહન નથી કરતાં, તે સર્વ વિરાધક હોય છે, અને અનેક પ્રકારના વાયુ વાવા છતાં પણ દાવદ્ર વૃક્ષ ને કંઇ આંચ નથી આવતી, અને પત્ર, પુષ્પોથી સુશોભિત રહે છે, તેમ સાધુ, સાધ્વીઓ દીક્ષા લઇને બધાંના વચનો સમ્યક પ્રકારે સહન કરે છે. તે સર્વ આરાધક હોય છે. ઉપર મુજબ હે ગૌતમ, જીવો અરાધક યા વિરાધક હોય છે.

---

૧૨ સુબુદ્ધિપ્રધાન

ચંપા નામની નગરી હતી. તેમાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામનો પ્રધાન 'હતો, જે જીવાજીવના' સ્વરૂપને જાણવાવાળો, અને બુદ્ધિશાળી હતો તે ચંપાનગરીના ઇશાન ખૂણામાં એક પાણીથી ભરેલી ખાઈ હતી. જે ચરબી, રુધિર, માંસ

[illegible] દુર્ગંધ નીકળતી હતી.
[illegible] મિષ્ટભોજન જમ્યા બાદ પ્રધાનને
[illegible] સ્વાદિષ્ટ ભોજન જમ્યો
[illegible] સુબુદ્ધિ પ્રધાને ઉત્તર ન આપ્યો.
[illegible] આપ્યો, રાજન, તેમાં કંઇ
[illegible] એવો જ સ્વભાવ હોય
[illegible] અને અમનોજ્ઞ મનોજ્ઞ બને
[illegible] સત્ય માન્યા નહી.
[illegible] થઇને નીકળ્યો. ખાઈની
[illegible] આગળ જઇને પ્રધાનને
[illegible] કે નહી ? પ્રધાને
[illegible] આશ્ચર્ય પામવા જેવું
[illegible] અને કહ્યું કે પ્રધાનજી,
[illegible] આવોને જાણતો
[illegible] ઘડો મંગાવ્યો.
[illegible] મનુષ્યોના પગરવનો
[illegible] ની પાસે ગયો
[illegible] નાખીને ઘડાને
[illegible] તેમાંનુ પાણી
[illegible] નાખીને ઘડાને બંધ
[illegible] સાત અહોરાત્રીયા
[illegible] કારી, સ્વચ્છ,
[illegible] સુબુદ્ધિપ્રધાને
[illegible] વખતે આપજો.

માણુસોએ તે પ્રમાણે કર્યું. રાજાએ પાણી પીધું અને ઘણો જ વિસ્મય પામ્યો. અને કહ્યું કે આ પાણી ઘણું જ આનંદકારી છે. ક્યાંથી લાવ્યા? માણસોએ કહ્યું કે આ પાણી અમને સુબુદ્ધિપ્રધાને આપ્યું છે. રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું કે આવું સુંદર પાણી તમે ક્યાંથી લાવ્યા? પ્રધાને કહ્યું કે આ પેલી ખાઈનું પાણી છે. રાજાએ માન્યું નહી. પ્રધાને સર્વ હકીકત કહી. છતાં રાજાને વિશ્વાસ ન આવ્યો. તેથી રાજાએ માણસો દ્વારા ખાઈનું પાણી મંગાવ્યું અને ઘડામાં ભરી સ્વચ્છ કરાવ્યું. તો પાણી સ્વચ્છ, પીવા યોગ્ય થયું. રાજા આશ્ચર્ય પામ્યો. પ્રધાને જીનપ્રણિત ધર્મ સમજાવ્યો. રાજા તે સાંભળી બાર વ્રતધારી શ્રાવક થયો. કેટલાક સમય બાદ કોઈ સ્થવીર મહાત્મા ચંપાનગરીમાં પધાર્યા. સુબુદ્ધિપ્રધાન અને જીતશત્રુ રાજા વંદન કરવા ગયા. મુનિએ ધર્મ દેશના આપી. બંને પ્રતિબોધ પામ્યા અને દિક્ષા લીધી. ઘણા વર્ષ સંયમ પાળી, તપ જપ ધ્યાન ધરી, સંથારો કરી નિર્વાણ પદને પામ્યા.

ન્યાય—મિથ્યાત્વથી જેનું મન મુગ્ધ બન્યું છે તેવા પાપમાં પડેલા જીવો, ગુણરહિત હોવા છતાં સદ્‌ગુરૂના પસાયથી ખાઈના પાણી જેમ ગુણવાળા થાય છે.

વસ્ત્રાલંકારો, મુક્તાવાન ભેટ લઈને તે શ્રેણિક મહારાજા પાસે ગયો. ભેટ મૂકી. રાજા પ્રસન્ન થયો. નંદમણિયારે શહેરની બહાર વાવ બંધાવવાનો વિચાર શ્રેણિક મહારાજા પ્રત્યે જાહેર કર્યો. રાજાએ પરવાનગી આપી. નંદમણિયારે એક સુંદર વાવ બંધાવી. તેને ફરતી ચારે દિશામાં અનુક્રમે ચિત્રશાળા, ભોજનશાળા, ચિકિત્સા કરવાની શાળા, અને અલંકારશાળા બનાવરાવી. આનો લાભ લઈ ઘણા લોકો નંદમણિયારના વખાણ કરવા લાગ્યા. આ સાંભળી નંદમણિયારના આનંદનો પાર રહ્યો નહિ.

એક વખત નંદમણિયારના શરીરમાં સોળ પ્રકારના રોગ ઉત્પન્ન થયાં. આખા ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે નંદમણિયારના સોળ રોગમાંથી એક પણ રોગ કોઇ મટાડશે તો તેને પુષ્કળ ધન આપવામાં આવશે. ઘણા વૈદો દાક્તરો આવ્યાં, ઘણા ઉપચારો કર્યા પણ તેમાંનું કોઇ એકપણ રોગ મટાડી શક્યું નહિ. વેદનાની મહા પીડાથી નંદમણિયાર મૃત્યુ પામ્યો અને નંદપુષ્કરણી નામની વાવમાં મૂર્છિત બન્યો હોવાથી, તે મરીને તેજ વાવમાં દેડકાપણે ઉત્પન્ન થયો. આ દેડકો ગર્ભ મુક્ત થઈ, બાલ્યાવસ્થા વીતાવી યુવાવસ્થા પ્રાપ્ત થવાથી વાવમાં ફરવા લાગ્યો. તે વાવમાં સ્નાન કરતાં, પાણી પીતાં ઘણા લોકો શાંતિ પામી બોલતા કે નંદમણિયારને ધન્ય છે કે તેણે આવી સુંદર વાવ બંધાવી, ઘણા માણસો પાસેથી આવું સાંભળીને દેડકાને વિચાર થયો કે આવા શબ્દો મેં પૂર્વે ક્યાંક સાંભળ્યા છે. એમ ચિંતવન કરતાં, શુભ પરિણામના યોગથી તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને તેનો પૂર્વભવ જાણ્યો. મહાવીર ભગવાને આપેલો બોધ, અને લીધેલાં વ્રત યાદ આવ્યા અને પોતે મિથ્યાત્વી થયો હતો તેને માટે પશ્ચાતાપ કરવા લાગ્યો, અને એવો અભિગ્રહ કર્યો કે જીવન

[illegible] દિવસે વાવમાં લોકોએ [illegible] તેમના શરીરનો મેલ લઇને [illegible] પ્રાણી, સમજણ આવતાં [illegible] જીવન વીતાવવા લાગ્યો.

[illegible] સમોસર્યા. પ્રભુ પધાર્યાની [illegible] જાણી. શ્રેણિક રાજા [illegible]. આ તરફ દેડકાને [illegible] પણ નીકળ્યો. રસ્તે [illegible]. તેથી તે એકાંતમાં [illegible] કરી નમસ્કાર [illegible] ભાવના ભાવતા [illegible] સૌધર્મ દેવ- [illegible] મહાવિદેહ ક્ષેત્રમાં [illegible]

[illegible] વિના ગુરુ [illegible] વંદન કરવાથી [illegible]

---

૧૪ તેતલી પુત્ર.

તેતલીપુર નામનું નગર હતું. તેમાં કનકરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને મહા બુદ્ધિવાળો તેતલીપુત્ર નામનો પ્રધાન હતો. તે પ્રધાન એક વાર ઘોડેસ્વાર થઇને કેટલાક સ્વારો સાથે ફરવા જતો હતો. રસ્તામાં એક ભવ્ય મકાનની અગાસીમાં એક સુંદર બાળાને જોઇ. આ બાળા સર્વાંગ સુંદર અને અપૂર્વ લાવણ્યવાળી હતી. પ્રધાન આ બાળાને જોઇ મોહિત થયો. પ્રધાન ઘેર આવ્યો. પરંતુ તેને ચેન પડયું નહી. તેથી પોતાના માણસને બોલાવીને પેલી બાળા કોણ છે તેની તપાસ કરાવી. માણસોદ્વારા જાણ્યું કે તે એક મહા ઋદ્ધિવંત કલાદ નામે સોનીની પુત્રી છે. અને તેનું નામ પોટ્ટીલા. પ્રધાનને તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઇ, તેથી દૂતદ્વારા સોનીને ત્યાં તેની પુત્રી તેતલી પુત્ર પ્રધાનને આપવા કહેણ મોકલાવ્યું. દૂતો ગયા અને વાત કરી. સોની પોતાની ઇજ્જત આબરુ વધશે એમ ધારી માગું કબુલ કર્યું, પ્રધાન આ પોટ્ટીલા કન્યાને પરણ્યો અને અનેક પ્રકારના સુખ ભોગવવા લાગ્યો.

તે નગરનો કનકરથ રાજા સ્ત્રીઓના રૂપ સૌંદર્યમાં મુગ્ધ હતો અને સદાકાળ અંતઃપુરમાંજ પડી રહેતો, વળી તેને પુત્ર ઉપર અભાવ હતો. એટલે કોઇપણ પુત્રનો જન્મ તેને ત્યાં થાય, તો તે તેના હાથ અગર પગની આંગળીઓ કાપી નાખે અગર તો અંગુઠો કાપે, અગર નાક કાપે, અગર કાન કાપે. એકાદ અંગ તો ઓછું કરેજ કે જેથી તે રાજ્યને માટે લાયક રહે નહિ. એકદા તેની પદ્માવતી રાણીને એવો વિચાર થયો કે રાજા, પુત્ર થાય તો તેના

પોટ્ટીલાને દીક્ષા લેવાની અભિલાષા થઈ અને પતિની આજ્ઞા માગી. પતિએ કહ્યું કે તમે દિક્ષા લઈને દેવ થાવ, તો મ્હને બોધ પમાડવો એવી સરતે હું રજા આપું. પોટ્ટીલાએ કબુલ્યું અને દિક્ષિત થઈ. તપ જપ સંવર ક્રિયાઓ અને અંતિમ સંથારો કરી પોટ્ટીલા દેવલોકમાં ગઈ.

કનકરથ નામનો રાજા વખત જતાં ગુજરી ગયો. તેને પુત્ર ન હોવાથી, ગાદી કોને આપવી તે માટે નગરજનો વિચારમાં પડયા. પછી તે સર્વે તેતલીપુત્ર પાસે ગયા અને રાજ્યપુત્ર કોઈ હોય તો લાવી આપવાની વિનંતિ કરી. પ્રધાને પ્રથમની હકીકત જાહેર કરી. લોકો ખુશી થયા. અને કનકધ્વજ કુમારને રાજ્યાસને સ્થાપ્યા. કનકધ્વજ પણ તેતલીપુત્ર પર ઘણો જ પ્રેમ રાખતો અને દરેક કાર્યમાં તેનીજ મુખ્ય સલાહ લેતો. તેતલીપુત્ર રાજ્ય કાર્યભારના વૈભવમાં અને મોજશોખમાં રહેવા લાગ્યો. આ વાતની પોટ્ટીલ દેવને ખબર પડી, તેથી રાજા અને પ્રધાન ઉભય વચ્ચે પ્રેમ સંબંધ તોડવાનો પ્રયત્ન કર્યો, કનકધ્વજનો પ્રેમ પ્રધાન ઉપરથી એકાએક ખસી ગયો. પ્રધાનને રાજાએ તેમજ તેના કોઈ પણ અનુચરોએ માન ન આપ્યું. પ્રધાન શોકમાં પડયો અને આ તિરસ્કૃત જીવન જીવવા કરતાં મૃત્યુ બેહતર છે. એમ ધારી આત્મહત્યા કરવા પ્રયત્ન કર્યો ઝેરથી, તરવારથી, ફાંસાથી, અગ્નિથી. એમ અનેક પ્રયોગો કર્યા. છતાં દેવની અમદ્રુનિગ્રહ એકેયમાં સફળ ન થયો ત્યારે પોટ્ટીલ દેવ આવ્યો અને ઉપદેશ આપ્યો અને પુછ્યું. હે તેતલીપુત્ર, આગળ મોટી ઉંડી ખાઈ છે, અને પાછળ હાથીનો ભય છે, બંને બાજુમાં અંધકાર છે, વચ્ચે પાણીની વર્ષાધારા ચાલી રહી છે, ગામ આખમાં આગ લાગી છે અને અટવીમાં મોટો દવ લાગ્યો છે. તે સમયે કયા જવું! તેતલીપુત્રે જવાબ આપ્યો, ભયભિત મનુષ્યને તેવા સમયે ચારિત્રનું જ શરણ છે. પોટ્ટીલે કહ્યું,

કેટલેક વખતે તે નગરીમાં સ્થવીર મહાત્મા પધાર્યો. ધન્નો વંદન કરવા ગયો. ધર્મબોધ સાંભળી દિક્ષિત થયો. અને સંથારો કરી સ્વર્ગે ગયો અને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી મોક્ષમાં જશે.

સાર—ચંપાનગરી તે મનુષ્યગતિ, ધન્નાસાર્થવાહ તે જીન પ્રરૂપીત રસ, અહિછત્રા તે મોક્ષ. જેમ નંદીફળ ખાવાથી મૃત્યુ થયું તેમ વિષય સેવનથી સંસારની વૃદ્ધિ અને દુર્ગતિમાં વાસ. તેનો ત્યાગ કરનાર સુખરૂપ ઇષ્ટ સ્થાને પહોંચ્યા. તેમ વિષય ત્યાગથી મોક્ષમાર્ગને પહોંચાય.

---

૧૬ દ્રૌપદિ

ચંપા નામની નગરી હતી. તેમાં ત્રણ બ્રાહ્મણો રહેતા હતા. નામ. ૧ સોમ ૨ સોમદત્ત ૩ સોમભૂત. તેઓ ઘણાજ ધનાઢ્ય હતા. તેઓને ત્રણ સ્ત્રીઓ હતી. તેમનાં નામ અનુક્રમે. ૧ નાગશ્રી, ૨ ભૂતશ્રી, ૩ યક્ષશ્રી. એકદા તે બધાએ વિચાર કર્યો કે આપણી પાસે પુષ્કળ દ્રવ્ય છે. માટે વારાફરતી દરેક ઘેર બધાંએ જમવું. તે પ્રમાણે એક પછી એક વારા ફરતી દરેકને ઘેર બધા સાથે જમતા. એક વખત નાગશ્રી બ્રાહ્મણીને ત્યાં બધાયને જમવાનો વારો આવ્યો. નાગશ્રીએ ભાતભાતની સ્વાદિષ્ટ રસોઈ બનાવી, વળી ખુબ સંસાર નાખીને શાક તુંબડીનું બનાવ્યું, સ્વાદ માટે ચાખી જોતાં તે શાક કડવું ઝેર જેવું લાગ્યું. તેથી વિચાર કર્યો કે આવું શાક હું પીરસીશ

તો મારી હાંસી થશે, નિંદા થશે. માટે તેની વ્યવસ્થા કરૂં. ત્યારબાદ તેણે બીજું શાક બનાવ્યું અને બધા આનંદ પૂર્વક જમ્યા. તે વખતે ધર્મઘોષ નામના મુનિ તે ઉદ્યાનમાં બીરાજતા. તેમને ધર્મરૂચિ નામના મહાન તપસ્વી શિષ્ય હતા, જે માસખમણની તપશ્ચર્યા કરતાં. માસખમણને પારણે તેઓ ગૌચરી અર્થે ફરતાં ફરતાં આ નાગશ્રી બ્રાહ્મણીને ઘેર જઇ ચડયા. બ્રાહ્મણી હર્ષ પામી. અને આ કડવી તુંબડીનું શાક વહોરાવવાનું પાત્ર મહારાજને જાણીને તે શાક તેણે વહોરાવ્યું. ધર્મ રૂચિ અણગાર ગૌચરી કરીને ગુરૂ પાસે આવ્યાં અને નિયમ મુજબ આહાર બતાવ્યો. કડવી તુંબડીની ગંધથી ધર્મ ઘોષ મુનિએ તે શાકમાંનું એક બિંદુ લઇને ચાખી જોયું તો તેમને તે કડવું વિષ સમાન લાગ્યું. તેથી તેમણે કહ્યું કે હે શિષ્ય, આ શાક ઝેર સમાન છે માટે તે તમે ખાશો નહિ અને ખાશો તો મરણ પામશો, માટે આ શાકને એકાન્ત નિર્દોષ જમીનમા પરઠી આવો. ધર્મરૂચિ અણગાર તે શાક લઇને એકાંત સ્થળે ગયા. અને જ્યાં શાકનું એક બિંદુ નીચે નાખ્યું, ત્યાં તો શાકની ગંધથી હજારો કીડીઓ ભેગી થઇ ગઇ. અને તે ખાવાથી બધી મરણને શરણ થઇ. ધર્મરૂચિએ વિચાર કર્યો કે કડવી તુંબીના શાકના એક બિંદુ માત્રથી હજારો કીડીઓનો નાશ થયો. તો આ બધા શાકથી કેટલાંયે જીવોના જાન જશે ! તો મ્હારે પોતાનેજ આ શાક ખાઇ જવું ઇષ્ટ છે. તેમ ધારી તેઓ ત્યાંને ત્યાં બધું શાક ખાઇ ગયા. શાક કેવળ ઝેર સમાન હતું તેથી તેની અસર પ્રણમી ગઇ. અને ધર્મરૂચિને અતુલ વેદના ઉત્પન્ન થઇ. ધર્મરૂચિ અણગારે સંથારો કર્યો. પંચ પરમેષ્ટિનું સ્મરણ કરતાં ભાવ સમાધિમાં મૃત્યુ પામ્યા. અને સ્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા.

સુકુમારીકા હવે પોતાના કર્મનો પશ્ચાત્તાપ કરવા લાગી. એટલામાં ગોવાલિકા નામના આર્યાજી રહેને ત્યાં પધાર્યાં. આર્યાજીએ ઉપદેશ આપ્યો. સુકુમારીકાને વૈરાગ્ય થયો અને દિક્ષાની આજ્ઞા લઈને દિક્ષા લીધી. એકવખત નગરીની બહાર ઉદ્યાનમાં છઠ છઠનો તપ કરી આતાપના લેવાનો વિચાર તેણે આર્યાજી પાસે જાહેર કર્યો. આર્યાજીએ બહાર એકલા નહિ રહેવું, ઉપાશ્રયમાં રહી તપ કરવાનું કહ્યું. પરંતુ તે નહિ માનતા સુકુમારીકા આર્યાજી બહાર ઉદ્યાન પાસે જઇ તપ કરવા લાગ્યાં.

એકવાર તે ઉદ્યાનની પાસે પાંચ પુરુષો દેવદત્તા નામની ગણિ-કાને લઇ ક્રીડા કરતાં હતા, અને તે પાંચેય પુરુષો વિકાર વશ બની દેવદત્તાની સાથે પ્રેમવિનોદ કરતા હતા અને મનુષ્ય સંબંધીના ભોગ ભોગવતા હતા. આ દૃશ્ય પેલી સુકુમારીકા આર્યાના જોવામાં આવ્યું. તેથી તેણે સંકલ્પ કર્યો કે મારા તપ સંયમ બ્રહ્મચર્યનું ફળ હોય તો આવતા જન્મમાં હું પાંચ પુરુષો સાથે ભોગ ભોગવતી થઉં. સંકલ્પ પુરો કરી તે આતાપના ભૂમિમાંથી સ્વસ્થાનકે ઉપાશ્રયમાં આવી. ત્યાં તે ચારિત્રની વિરાધના કરવા લાગી. વારંવાર હાથ પગ ધોવે, મસ્તક ધોવે, મ્હોઢું ધોવે. તેથી ગોવાલિકા આર્યાજીએ કહ્યું કે આપણને શરીરની દુગંછા કરવાનું કલ્પે નહિ. છતાં તે નહિ માનતાં સ્વચ્છંદ પણે રહેવા લાગી. કાળાન્તરે તે મૃત્યુ પામીને બીજા દેવલોકમાં ગઇ.

પાંચાળદેશ, કંપીલપુર નગર, ત્યાં દ્રોપદ રાજા રાજ્ય કરતો હતો. તેને ચુલણી નામની રાણી હતી. તેને ત્યાં આ સુકુમાર દેવી પુત્રી પણે અવતરી, અને તેનું નામ દ્રોપદિ રાખવામાં આવ્યું. અપુર્વ સુખ સામગ્રીમાં અને અનેક દાસદાસીઓનાં લાલન પાલનથી બાલા

... દ્રુપદરાજાએ પુત્રીની યૌ
... થી લગ્ન કરવાની ઇચ્છા બતા
... વાસુદેવ, સમુદ્રવિજય, બળ
... કુમકુમ પત્રિકા મોક
... રાજાઓ ત્યાં આવ્યા. પાંચ પાંડ
... સાથે અશ્વ રથ પર બેસીને સભ
... અનેક રાજાઓને પ્રણા
... વાં તે માટે દરેક રાજાઓ
... વશ થઇ, પાંચ પાંડવોની પા
... પહેરાવી. દ્રુપદરાજા પાંચ પાં
... ને દ્રૌપદિનું પાણીગ્રહ
... પોતાના હસ્તીનાપુર નગરમાં ગયા

... સાથે અંતઃપુરમાં બેઠા હતા
... ઉભા થઇ નમસ્કાર કર્યો. નારદને
... દ્રૌપદિએ તેને વંદન ન કર્યું
... છે. તેથી તેને અભિમાન
... શિક્ષા આપવી જોઇએ, એમ ચીંતવી

... ધાતકીખંડમાં જઇ પદ્મનાભ રાજા
... દ્રૌપદિના રૂપના ઘણાજ વખાણ
... દ્રૌપદિ મેળવવાની ઇચ્છા થઇ. તેણે દેવની સહાય
... દ્રૌપદિને હું લાવી આપીશ, પરંતુ તું તેની
... સાથે ... સફળ થઇશ નહી. તે મહા સતી અને

તિરૂતા છે. પદ્મનાભના તપથી દેવ આવ્યો. અને હસ્તીનાપુરમાંથી ર્દગમાં સૂતેલી દ્રૌપદીને ઉપાડી અમરકંકામાં લાવ્યો. રાજાએ દ્રૌપદિને ણું સમજાવી. પણ સફળ થયો નહિ. પાંડવોને ખબર પડી, નારદજી આવ્યા, વાત કરી. નારદે અમરકંકામાં એકવાર દ્રૌપદિને જોઇ હતી તેમ કહ્યું. પરિણામે પાંડવો તથા શ્રી કૃષ્ણ મહામહેનતે ત્યાં ગયા અને દ્રૌપદિને લાવ્યા અનુક્રમે સુખ ભોગવતાં દ્રૌપદિને પુત્ર થયો. પાંડુસેન તેનું નામ પાડ્યું. કુમાર યુવાવસ્થાને પામ્યો.

એકવાર સ્થવીર મહાત્મા પધાર્યા. પાંડવો દ્રૌપદિ સાથે વંદન કરવા ગયા. સ્થવીર મહાત્માએ ધર્મબોધ આપ્યો. બધા વૈરાગ્ય પામ્યા અને પાંડુસેન પુત્રને રાજ્ય સોંપી દિક્ષા લીધી.

દ્રૌપદિ ૧૧ અંગ ભણી, ઘણા વર્ષ સંયમ પાળી એક માસનો સંથારો કરી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થઇ. ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ જશે.

સાર—નિયાણું એ બુરી વસ્તુ છે, મહાન તપ કરવા છતાં તેનાથી મુક્ત થઈ શકાતું નથી. જેમ દ્રૌપદિએ સુકુમારીકાના ભવમાં નિયાણું કર્યું તેમ. અપ્રિય વસ્તુનું દાન સુપાત્રને આપવું તે મહાન અનર્થ છે, જેવી રીતે નાગશ્રીએ કડવી તુંબીનું દાન ધર્મરૂચી અણગારને આપ્યું તેમ.

---

૧૭ અકીર્ણ જાતિનો ઘોડો

હસ્તશીર્ષ નામનું નગર હતું, ત્યાં કનકકેતુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેમાં દરિયામાર્ગે વેપાર કરનારા ઘણા વ્યાપારીઓ વસતાં હતાં. એકવાર તેઓએ મળીને વિદેશ ગમન કરવાનો વિચાર કર્યો અને વહાણો લઇને લવણસમુદ્રમાં મુસાફરીએ નીકળી પડયાં. રસ્તામાં તોફાન ચડયું, નાવ ડુબવા લાગ્યું. સર્વેએ ઇષ્ટદેવનું સ્મરણ કર્યું. કેટલાક કાળે તોફાન શાંત થયું અને તેઓ એક કાલીકદ્વીપ પાસે આવી પહોંચ્યા. ત્યાં તેમણે ચાંદી, સોનું હીરા માણેક વગેરેની ખાણો જોઇ. તેઓ આનંદ પામ્યા, વળી ત્યાં તેમણે અકીર્ણજાતિના ઘોડાઓ જોયાં. માણસો દેખીને આ ઘોડાઓ ભયભીત થઇને એકદમ નાસી ગયાં. વ્યાપારીઓએ જાણ્યું કે આ ઘોડાઓથીજ આપણે ચાંદી સોનું હીરા રત્ન વગેરે મેળવ્યું છે, તેથી તેમણે ચાંદી, સોનું વગેરે પોતાના વહાણમાં ભરી લીધું અને તેઓ હસ્તશીર્ષ નગરમાં આવ્યા.

રાજા પાસે ગયા. ભેટધરી. રાજાએ પૂછયું કે તમે ઘણા દેશોમાં ફરો છો, તો આશ્ચર્ય ઉપજાવે તેવી વસ્તુ તમે કયાંઇ જોઇ ? વણિકોએ કાલીકદ્વીપમાં અકિર્ણ ઘોડાઓ રહે છે તેની વાત કરી. તેથી રાજાને તે ઘોડા મંગાવવાનો વિચાર થયો. રાજાએ વણિકોની સાથે પોતાના ઘણા માણસોને સુગંધીદાર અનેક પ્રકારની વસ્તુઓ લઇને કાલીક દ્વીપમાં મોકલ્યા. તેઓ બધા કાલીકદ્વીપમાં ઉતર્યા. ત્યાં તેમણે પેલા ઘોડાઓને દૂર ફરતા જોયા. તેથી માણસોએ આસપાસમાં

સુગંધીદાર વસ્તુઓ નાખી, પરિણામે કેટલાક ઘોડાઓ તે વસ્તુની સુગંધ, રૂપ, રસ વર્ણમાં મુર્છિત બનીને પાસે આવ્યા, અને ખાવા લાગ્યા. તરતજ પેલા માણસોએ ઘોડાઓને પકડીને બાંધી લીધા. બીજા કેટલાક ઘોડાઓ તેમાં મુર્છિત નહી બનતા ભાગી ગયા. બાંધેલા ઘોડાને લઇ માણસો પોતાને ગામ આવ્યા. રાજાને વાત કરી. પછી તે ઘોડાને માર મારીને ગર્દન પુંછ વગેરે બાંધીને અશ્વકળા શીખવવા માંડી, મારના પ્રતાપે ઘોડાઓ ઘણું દુઃખ પામ્યા, અને જે ઘોડાઓ નાસી ગયા તે સુખી થયા.

ન્યાય—પ્રભુમહાવીર કહે છે કે જો અમારા સાધુસાધ્વી દિક્ષિત બનીને પાંચ ઇંદ્રિયના શબ્દ રૂપ રસ ગંધમાં મૂર્છિત બનશે તો આ લોક અને પરલોકમાં દુઃખી થશે. અને જો કોઇ તેમાં મૂર્છિત નહી બને તો ચતુર્વિધ તીર્થમાં આદર પામશે, અને સંસારસાગરને તરશે.

---

૧૮ સુષુમાદારિકા.

શ્રેણિક મહારાજાની રાજગૃહી નગરીમાં ધન્ના સાર્થવાહ નામે એક મહા રૂદ્ધિવંત શેઠ રહેતો હતો. તેને પાંચ પુત્રો અને એક પુત્રી હતી. તે પુત્રીનું નામ સુષુમાદારિકા, તે ઘણી સુંદર હતી. તે ધન્નાસાર્થવાહને ચિલાત નામનો એક નોકર હતો. તે બાળકોને હંમેશાં ક્રીડા કરાવતો હતો. ક્રમેક્રમે આ નોકર બાળકોનું ઘરેણું, કપડાં

ચોરવા લાગ્યો. શેઠને આ વાતની ખબર પડવાથી શેઠે તે ઠપકો આપી ઘરમાંથી કાઢી મૂકયો. ચિલાત નોકર ગામમાં રખડવા લાગ્યો અને તે ચોરી, માંસ, દારૂ, જુગાર પરસ્ત્રી આદિનો વ્યસની બની ગયો. અને સ્વચ્છંદે વર્તવા લાગ્યો. થોડેક દૂર એક ચોરોને રહેવાથી ગુફા હતી. તેમાં વિજય ચૌર્યકળામાં કુશળ એવો ચોર રહેતો હતો. તેની સાથે ચોરો હતા. આ ચિલાત નોકર ત્યાં ગયો અને તે તેની સાથે રહીને તે પણ ચોરી કરતા શીખ્યો. અને વણ થયો.

તે વિજયસેન ચોર મરણ પામ્યો. અને પાંચસે આ ચિલાત ચોરને પોતાનો અધિપતિ બનાવ્યો. ચોર પોતાના પાંચસે ચોર સાથીઓને લઇને ધન્નાસાર્થવાહને ઘેર ચોરી કરવા આવ્યો. ધન્ના પુત્રોને લઇ ભયભીત થઇને એકદમ ઘરમાંથી ધન્નાના ઘરમાંથી પુષ્કળ દ્રવ્ય લીધું એટ- રીકા નામની તેની કન્યાને લઇ તે ત્યાંથી

ધન્નાસાર્થવાહ ઘેર આવ્યો અને કોટવાળ પુત્રી હરણની વાત કરી અને પોતાની નું કહ્યું. કોટવાળ હથીયારો તથા માણસો સાથે પેલી ગુફામાં ગયો. ત્યા ચોરો સાથે બધા ચોરો નાસી ગયાં. ચીલાત પણ મસરાયો દારીકા નામની કન્યાને સાથે લઇ બીજે રસ્તેથી થઇ ગયો. આ દ્રવ્ય ધન્ના તથા તેના પુત્રોના

